**માઈક્રોબાયોલોજી વિભાગ અને ગૃહ વિજ્ઞાન વિભાગ**

**વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા**

**પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર પરિસર,**

**ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા**

---

## ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઊજવણીનો **અહેવાલ**

ગૂજરાત વિદ્યાપીઠ તેના સ્થાપનાકાળથી ગાંધી મુલ્યો અને તેના અમલ દ્વારા બહુ આયામી વિકાસ અર્થે કાર્યરત છે ગૂજરાત વિદ્યાપીઠના મૂળ ધ્યેઓમાં ભારતનો ઉત્કર્ષ શહેરો ઉપર નહિ પણ ગામડા પર અવલંબે છે તેથી વિદ્યાપીઠના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો રાષ્ટ્ર પોષક કેળવણી ના પ્રચાર અર્થે કાર્યરત છે મહાવિદ્યાલયમાં  અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ , કાર્યરત સેવકો સાથે મળી એ ગ્રામ્ય સમુદાય માં જાય છે અને ગ્રમોત્થાનની પ્રવૃત્તિ કરે છે જેમાં સ્થાનિક યુવાનો પણ તે પ્રવૃત્તિઓ થી પ્રેરાય અને જોડાય તેમજ ગ્રામોત્થાનની પ્રવૃત્તિના કેન્દ્રો ઉભા કરે તેવા પ્રયત્નો થાય છે.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નક્કી થયેલ ધ્યેયોને ધ્યાનમાં રાખી માઈક્રોબયોલોજી વિભાગ અને ગૃહવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા , સાદરા દ્વારા સાદરા, રાજપુર, દોલારણા વાસણા, અણિયોડ અને નારાજીના મુવાડા એમ કુલ પાંચ ગામોમાં કામ કરવાનુ નક્કી કર્યુ છે. ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઊજવણીના ભાગરૂપે આ ગામોમાં કેટલાક વિશેષ કાર્યક્રમો કર્યા હતા જે નીચે મુજબ છે.

- <u>રાજપુર પ્રાથમિક શાળાના બાળકોને સાધનો વગરની વિવિધ રમતો દ્વારા તેઓને વિશેષ સંદેશ આપ્યો હતો.</u>





- <u>રાજપુર ગામમાં લોકસંપર્ક દ્વારા તેમજ વિવિધ પોસ્ટરો લગાડી સ્વચ્છતા જાગૃતિના વિશેષ કાર્યક્રમ</u>





- <u>શાળામાં વિદ્યાર્થીનીઓની સ્વરક્ષા હેતુ કરાટેની તાલિમ</u>



- <u>ગામમાં લોકસંપર્ક દ્વારા બાયોગેસ અને કમ્પોસ્ટીંગ અંગે જાણકારી આપી</u>




- <u>અણિયોડ અને નારાજીના મુવાડા ગામમાં શ્રમકાર્ય</u>:

  શ્રમકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓએ બંન્ને ગામોમાં અલગ અલગ વિસ્તારમાં જઈ શ્રમકાર્ય અને સફાઇ કાર્ય કર્યું હતું . શ્રમકાર્યમાં દરરોજ ૯ વિદ્યાર્થીઓની એક એવી ૧૨ ટુકડીઓ ગામના જુદા-જુદા વિસ્તારોમાં જતી હતી. શ્રમકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓ જાહેર રસ્તાઓ, ખુલ્લી જગ્યાઓ, ફળિયાઓમાં સફાઈ કરાવી, પ્લાસ્ટિક એકત્ર કરવું, બિન જરૂરી કચરો એકત્રિત કરી ટ્રેક્ટરમાં ભરી તેનો નિકાલ કરવા સુધીની સમગ્ર પ્રક્રિયા કરી હતી. આમ દરરોજ ૧૦૮ વિદ્યાર્થીઓ ૨ કલાક સતત શ્રમ કરતા હતા. જો આ સમગ્ર કાર્યને આર્થિક રીતે મૂલવીએ તો દરરોજ ૧૦૮ વિદ્યાર્થીઓ x ૨ કલાક = ૨૧૬ કલાકનું કામ થતું હતું. આમ કુલ છ દિવસ દરમિયાન ૧૨૯૬ કલાક વિદ્યાર્થીઓએ શ્રમદાન કર્યું હતું. જો આપણે ૮ કલાકના ૩૦૦ રૂપિયા વળતર ગણીએ તો કુલ ૪૮,૬૦૦/- રૂપિયાનું શ્રમદાનનો ફાળો રાષ્ટ્રસેવામાં આપ્યો તેમ ગણી શકાય.




- અણીયોડ ગામની પ્રથમિક શાળામાં , મહાકાળી માતાજીના મંદિરમાં , મહાદેવજીના મંદિરમાં તેમજ ગામના વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કર્યું હતું.




- તા 7-1–2020 ને મંગળવારના રોજ શાળામાં વૃક્ષારોપણ કરી 'સ્વામી વિવેકાનંદ' બગીચા નું નિર્માણ કર્યું હતું.





➢ રાત્રી દરમ્યાન અણિયોડ અને નારાજીના મુવાડા ગામના ગ્રામજનો માટે સજીવ ખેતી આધારિત ફિલ્મ નિદર્શનનું આયોજન કર્યું હતું.



➢ તા 8-1–2020ને બુધવારના રોજ સવારે 9-00 વાગ્યેથી નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો કુલ 260 ગ્રામજનો એ લાભ લીધો હતો. જેમાંથી 145 ગ્રામજનોની આંખોની તપાસ કરી નિ :શુલ્ક ચશ્માં આપ્યા હતા. 22 ગ્રામજનોને મોતિયાની સારવાર અર્થે અંજલી હોસ્પિટલમાં બીજા દિવસે લાવવા-લઈ જવાની વ્યવસ્થા ગોઠવી હતી. આ હોસ્પિટલમાં જમવાનું તેમજ ઓપરેશનની સેવા નિ:શુલ્ક આપવામાં આવે છે.





➢ તા 8-1–2020ને બુધવારના રોજ બપોરે 2-00 કલાકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાથી ડો. વિષ્ણુભાઈ ગર્ગ અને ડો. વિનયભાઈ ગોરે અણિયોડ અને નારાજીના મુવાડા ગામના ગ્રામજનો સમક્ષ સજીવ ખેતી અને કિચન ગાર્ડનીંગ પર વ્યાખ્યાન આપ્યું હતું તેમજ કિચન ગાર્ડનીંગનું પ્રત્યક્ષ પ્રાયોગિક નિદર્શન કરી સજીવ ખેતી કરવા પ્રોત્સાહિત કર્યા હતા.





➢ રાત્રે સંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો. સંસ્કૃતિક કાર્યક્રમમાં દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ તથા સ્ત્રીનુ સમાજમાં યોગદાન વિષય પર ભાર મુકી ગ્રામજનોમાં સંવેદના જગાડવાનો પ્રયત્ન કર્યો હતો.





- તારીખ 9-1-2020 ના રોજ ડો નૈનેશભાઈ વસાવા અને પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર અણીયોડના સંયુક્ત ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કર્યું હતું. આ કેમ્પનો 45 ગ્રામજનો એ લાભ લીધો હતો તેમજ સારવાર દરમિયાન જરૂરી દવાઓ પણ આપી હતી.



- તારીખ 9-1-2020 બપોરે 2-00 થી 3-00 દરમ્યાન ઉષાબહેન પટેલ દ્વારા ગામની મહિલાઓ તંદુરસ્ત રહે તે માટે પૌષ્ટિક આહારનું મહત્વ અને તેને બનાવવાની રીત પર વક્તવ્ય આપ્યું હતું.



- 10-1-2020ને શુક્રવારે રાત્રે ભવ્ય સંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગણેશ વંદના, યોગ નૃત્ય, રાજસ્થાની નૃત્ય, ગરબો, રાસ, ભગતસિંહની સદાહત આધારિત નાટક, અન્નના બગાડ આધારિત નાટક , દેશભક્તિ ગીત , ગૌતમ થી ગાંધી સુધી વિષય આધારિત સ્પીચ, પીરામીડ, NSS આધારિત નાટક જેવી કુલ 15 કૃતિઓ રજુ કરી હતી . આ સમગ્ર કાર્યક્રમનો આશય ગ્રામજનોમાં જાગૃતિ અને સંવેદના જગાડવાનો તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ આવે અને અણિયોડ ગામને સ્વચ્છ ગામ બનાવવામાં સહકાર આપે તે હતો.










- 10-1-2020ને શનિવારે સવારે  10-00  થી 3-00  દરમ્યાન રક્તદાન શિબિર નું આયોજન કર્યું હતું જેમાં શિબિરાર્થીઓ અને ગ્રામજનોના  સહિયારા પ્રયત્નથી 37 યુનીટ રક્ત એકત્રિત કર્યું હતુ. રક્તદાન શિબિરમાં અણિયોડ ગામના સરપંચશ્રીએ પણ રક્તદાન કર્યું હતું.





- રાત્રે સરપંચશ્રી અને ગામના આગેવાનો સાથે રાત્રી બેઠક કરી હતી. આ બેઠકમાં ગામના વિવિધ પ્રશ્નો અને તેના સમાધાન અંગે ચર્ચા કરી હતી.






- માઇક્રોબાયોલોજી વિભાગ, ગૃહવિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા, સિનિયર સીટીજન ગ્રુપ, ગાંધીનગર અને રેડ ક્રોસ , અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા.૩૦/૧/૨૦૨૦ ગાંધીનિર્વાણ દિન નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા વિદ્યાશાખાના ડીનશ્રી ડો. શ્રીનિવાસ મૂર્તી , ગૃહવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડો. નિખિલ ભટ્ટ , બંન્ને વિભાગના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો કૌશિકભાઇ પટેલ , ડો.પારુલ સાધુ, બંન્ને વિભાગના સેવકો અને તમામ વિદ્યાર્થીઓના સઘન પ્રયત્નથી **૬૧ યુનિટ** રક્ત એકત્રીત કરવામા આવ્યુ. આ રક્ત સમાજમાં જરૂરીયાતમંદોને ઉપયોગી નીવડે તેવા શુભ આશયથી આ કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ. આ રીતે અમે ગાંધીનિર્વાણદિને ગાંધીજીને શ્રધ્ધાંજલી આપી હતી.











- તારીખ 09-02-2020ને રવિવારના રોજ અણિયોડ ગામમાં શ્રીમુંજેશ્ર્વર મહાદેવના મંદિરે મેળો હતો. આ મેળામાં આજુબાજુના લગભગ 20 થી 25 ગામોમાંથી વસ્તી આવે છે. આવનાર તમામ ભક્તોને પ્રસાદરૂપે જમાડવામા આવે છે. આથી આ જમણવારમાં અન્નનો બગાડ ન થાય અને તેનો સદ્ઉપયોગ થાય તે માટે અમારા વિદ્યાર્થીઓએ પ્રસાદ પીરસવાની જવાબદારી સ્વીકારી હતી.
- આ દિવસે આજુબાજુના લગભગ 20 થી 25 ગામોમાંથી વસ્તી આવતી હોઈ ત્યાં આપણી વિદ્યાર્થીનીઓ બેટી બચાવો બેટી પઢાઓ અંગેના વિવિધ પોસ્ટરો તૈયાર કરી ત્યાં ઉભી રહી હતી અને આવનાર તમામને આ સંદેશ આપવાનો પ્રયત્ન કરતી હતી.
- વળી આ દિવસે અમારા વિભાગમાં ચાલતા ઉદ્યોગોનું પ્રદર્શન અને વેચાણ રાખ્યુ હતું.
- આ દિવસે આવનાર ગ્રામજનોને કાંતણ અને ખાદીનું મહત્વ સમજાવવા વિદ્યાર્થીઓએ અંબર ચરખા અને પેટી રંટિયા દ્વારા કાંતણ કર્યું હતુ.
- આ મેળા દરમિયાન ગાંધીજીની પ્રતિકૃતિ લઈ સારા કર્મ કરવા અર્થે અથવા પોતાનામાં રહેલી કુટેવો છોડવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.